# કેન્દ્રીય ગૃહમંત્રી-દિલ્હી-રાજ ભાષા સંમેલન

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ આજે દિલ્હીમાં યોજાનાર ચોથા અખિલ ભારતીય રાજભાષા સંમેલનના ઉદઘાટન સત્રમાં સંબોધન કરશે. આજે હિન્દી દિવસની ઉજવણીના ભાગરૂપે યોજાઈ રહેલાં આ સંમેલનમાં શ્રી શાહ રાજભાષા ગૌરવ અને રાજભાષા ક્રિર્તી પુરસ્કારો એનાયત કરશે. તેમજ રાજભાષા ભારતીય સામાયિકના હીરક જયંતિ અંકનું વિમોચન કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હિન્દીને સત્તાવાર રાજભાષા તરીકે દરજ્જો મળ્યાને 75 વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે આ સંમેલનનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

**(RNU અમદાવાદ/આશુતોષ અંતાણી)**

---------------------------------------------------------------------

# કેન્દ્રીય જળશક્તિમંત્રી-જિલ્લાના પ્રવાસે

**કેન્દ્રીય જળ શક્તિ મંત્રી અને પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટિલ આજે જીલ્લાના એક દિવસીય પ્રવાસે આવી રહ્યા છે.જે દરમ્યાન તેઓ વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે. શ્રી પાટિલ ભુજ તાલુકાના સુમરાસર ગામ ખાતે જળ સંચયના કામોનું નિરિક્ષણ કરશે. ઉપરાંત જીલ્લા મથક ભુજ ખાતે ભાજપ સદસ્યતા અભિયાન અને સાંસદ સંપર્ક સદનના લોકાર્પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.**

**(NP/આશુતોષ અંતાણી)**

---------------------------------------------------------------------

## સ્વચ્છતા હી સેવા પખવાડીયુ-રાજય

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શરૂ કરેલ ‘‘સ્વચ્છ ભારત મિશન’’ ને આ વર્ષે એક દાયકો પૂર્ણ થાય છે ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા સમગ્ર દેશમાં 17મી સપ્ટેમ્બરથી 2 ઓક્ટોબર 2024 સુધી ‘‘સ્વચ્છતા હી સેવા’’ પખવાડિયાનું આયોજન કરાશે. જેની વિષયવસ્તુ- ‘‘સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા’’ છે.

રાજ્યના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, આ વર્ષે સ્વચ્છ ભારત મિશનનાં 10 વર્ષની ઉજવણીનાં ભાગરૂપે આગામી તારીખ બીજી ઓક્ટોબર-ગાંધી જયંતિને "સ્વચ્છ ભારત દિવસ" તરીકે ઉજવવામાં આવશે..

**(RNU અમદાવાદ/આશુતોષ અંતાણી)**

---

## સ્વચ્છતા હી સેવા પખવાડીયુ-કચ્છ

સમગ્ર દેશ અને રાજયની સાથે કચ્છ જીલ્લામાં પણ સ્વચ્છતા હી સેવા પખવાડીયા અભિયાન-2024 નું આયોજન કરાયુ છે. ગઈકાલે જીલ્લા મથક ભુજમાં જીલ્લા પંચાયત કચેરી ખાતે જીલ્લા વિકાસ અધિકારી એસ.કે.પ્રજાપતિના અધ્યક્ષસ્થાને આ અભિયાનના આયોજન અંગે બેઠક યોજાઈ હતી. ડી.ડી.ઓ શ્રી પ્રજાપતિએ સ્વચ્છતા હી સેવા-2024ની વિષય વસ્તુ “સ્વભાવ સ્વચ્છતા, સંસ્કાર સ્વચ્છતા” આધારીત જીલ્લામાં સફાઈ અભિયાનના કાર્યક્રમો થાય જન જન સુધી સ્વચ્છતા એક અભિયાન સ્વરૂપે પહોંચે તે માટે તાલુકા વિકાસ અધિકારીઓને જરૂરી સુચનો તેમજ માર્ગદર્શન પુરૂ પાડ્યુ હતું.

આ બેઠકમાં ઉપસ્થિત જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક નિકુંજ પરીખે જણાવ્યુ હતું કે આ અભિયાનમાં જન ભાગીદારી સુનિશ્ચિત કરીને સરકાર દ્વારા કામગીરી કરવામાં આવશે. આ અભિયાનમાં જન ભાગીદારીથી સ્વચ્છતા શપથ, શેરી નાટકો,ભીંત ચિત્રો સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાશે. ઉપરાંત સ્વચ્છતા મિત્ર એવા સફાઈ કર્મયોગીઓની સુરક્ષા માટેની શિબિરો,

આરોગ્ય તપાસણી કેમ્પ અને સામાજીક સુરક્ષાની વિવિધ યોજનાઓના લાભ આપવાની બાબતનો પણ આ અભિયાનમાં સમાવેશ કરાયો છે.

**(માહીતી ખાતુ/આશુતોષ અંતાણી)**

-----------------------------------------------------------------------

## કચ્છ-IMC ટીમ દિલ્હીની મુલાકાત

**જીલ્લામાં ભારે વરસાદની પરિસ્થિતિ સંદર્ભે ડૉક્યુમેન્ટેશન માટે દિલ્હીથી કચ્છ જિલ્લાની મુલાકાતે આવેલા ઈન્ટર મિનિસ્ટ્રિયલ સેન્ટ્રલ ટીમના ઉચ્ચ અધિકારીઓએ ગઈકાલે માંડવી અને અબડાસાના ભારે વરસાદથી અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈને પરિસ્થિતિનો ખ્યાલ મેળવ્યો હતો. કચ્છ જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓએ ટીમ સાથે રહીને જિલ્લામાં ભારે વરસાદની સ્થિતિ બાદ રાહત બચાવ કામગીરી અને હાલમાં ચાલી રહેલી પાક સર્વે કામગીરી તેમજ વિવિધ નુકશાની અંગેની જાણકારી આપી હતી. દિલ્હીથી આવેલી અધિકારીઓની ટીમે કચ્છના માંડવી તાલુકામાં આસંબિયા, કોડાય ગામ સહિતના વિસ્તારોમાં તથા અબડાસા ખાતે વિંઝાણ, કોઠારા સહિતના વિસ્તારોની મુલાકાત લીધી હતી. પાક નુકસાની અંગે વિસ્તૃત જાણકારી મેળવવા ટીમે વિભાગીય કૃષિ સંશોધન કેન્દ્ર કોઠારાની મુલાકાત લઈને નિષ્ણાત વૈજ્ઞાનિકો સાથે ચર્ચા વિચારણા કરી હતી. આ ઉપરાંત, અસરગ્રસ્ત ગામોના ખેડૂતો, સરપંચઓ, આગેવાનો સાથે પણ મુલાકાત કરીને ટીમના સભ્યોએ વાસ્તવિક સ્થિતિનો ખ્યાલ મેળવ્યો હતો.**

**(માહિતી ખાતુ/આશુતોષ અંતાણી)**

-----------------------------------------------------------------------

## હિન્દી દિવસ

**આજે હિન્દી દિવસની ઉજવણી થઈ રહી છે. વર્ષ1949માં બંધારણ સભાએ હિન્દીને રાષ્ટ્રભાષા તરીકે માન્યતા આપી હતી. આજે તેને 75 વર્ષ પૂરા થાય છે.**

**કચ્છમાં  કેટલીક  કચેરીઓ અને સંસ્થાઓમાં હિન્દી પખવાડિયાનું આયોજન થયું છે. ઉપરાંત રેલી સહિતનાં કાર્યક્રમો યોજાશે.**

**(આશુતોષ અંતાણી/ચંદ્રવદન પટ્ટણી)**

---

## અંધધ્વજ દિવસ

**આજે અંધધ્વજ દિન છે. અંધજનોનાં કલ્યાણ માટે આજે ધ્વજ વિતરણ સાથે ભંડોળ એકત્ર કરવામાં આવશે. અંધજનોનાં  કલ્યાણ માટે ઘણી સંસ્થાઓ પ્રવૃત્ત છે.**

**(ચંદ્રવદન પટ્ટણી/ચંદ્રવદન પટ્ટણી)**

---

## કચ્છ-પોષણ માસ કામગીરી

કચ્છના વિવિધ તાલુકાઓમાં પોષણમાસની ઉજવણી અંતર્ગત લાભાર્થીઓને વિવિધ પ્રવૃત્તિ દ્વારા આરોગ્ય, રસીકરણ તથા યોજનાઓ વિશે માહિતગાર કરાયા.. તેમજ લાભાર્થી મહિલાઓ તથા આંગણવાડી કાર્યકરોને નારી અદાલત અને ઘરેલું હિંસા, પૂર્ણા યોજના વગેરેની માહિતી આપવામાં આવી..

**(RNU અમદાવાદ/આશુતોષ અંતાણી)**

---